ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૮૫ ટકા

# સે-૩ ન્યુ આસપાસના ઝુંપડા ધારકોને તંત્રની નોટીસ

## ચાર દિવસમાં ઝુંપડા ખાલી કરી અન્યત્ર જવા તાકિદ કરાઈ

ગાંધીનગર, તા.૮

હાલના તબક્કે ગાંધીનગર શહેરમાંથી દબાણ દુર કરવાની કામગીરી તંત્ર દ્વારા પુરજોશમાં ચાલી રહી છે. તાજેતરમાં સે-૨૪ ના પાકા દબાણો બાદ તમામ દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે સરકારી જમીન પર દબાણ કરીને રહેતા ઝુંપડા ધારકોને પણ ચાર દિવસમાં જગ્યા ખાલી કરી દેવા નોટીસ અપાઈ છે. જો કે અચાનક નોટીસ મળતા ઝુંપડા ધારકોમાં પણ ભય વ્યાપી ગયો છે.

ગાંધીનગર શહેરનો દબાણે અજગરી ભરડો લીધો હતો. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર લારી-ગલ્લાના દબાણો નજરે પડતા હતા. પરંતુ તંત્રએ દબાણની કામગીરી પુરજોશમાં શરુ કરતા હાલના તબક્કે દબાણકર્તાઓ ક્યાંય નજરે પડતા નથી.

હવે કોઈ પણ સેકટરમાં રહેણાક કે વાણિજ્ય હેતુના દબાણ ઉભા રહેવા દેવામાં આવશે નહીં. આ સાથે કોઈ પણ પ્રકારના દબાણ કરવામાં આવ્યા હોય તે તમામને આ સાથે સ્વેચ્છાએ દબાણો હટાવી લેવા માટે પણ નોટીસો પાઠવવામાં આવી છે. અને શહેરમાંથી મોટાભાગના લારી-ગલ્લા તેમજ કાચા-પાકા છાપરાના દબાણો મનપા દ્વારા દુર કરી દેવામાં આવ્યા છે.

સે-૨૪માં પાકા દુકાનોના દબાણો દુર કરાતા દબાણકારોમાં ભય વ્યાપી જવા પામ્યો છે. ત્યારે કેટલાક દબાણકારો તો ખુદ દબાણ દુર કરવાની કામગીરી કરી રહ્યા છે. ત્યારે સરકારી જમીન પર વર્ષોથી ઝુંપડા બાંધીને રહેતા દબાણકારોને પણ તંત્રએ નોટીસ ફટકારી છે, અને અન્ય જગ્યાએ ખસી જવા માટે તાકિદ કરાઈ છે. ત્યારે સેકટર-૩ ન્યુ વિસ્તારમાં કેટલાક સરકારી જમીનમાં કાચા છાપરાના ઘરમાં રહેતા નાગરીકોને પણ તંત્રએ નોટીસ પાઠવી ચાર દિવસમાં દબાણની જગ્યા ખાલી કરી દેવા સુચના આપી છે. જો ચાર દિવસમાં દબાણકારો જગ્યા ખાલી નહીં કરે તો દબાણ ટીમ ગમે તે સમયે ત્રાટકીને દબાણ દુર કરી દેશે. ત્યારે ચોમાસાની સિઝનમાં ઝુંપડાના દબાણ દુર કરવામાં આવતા શ્રમિક પરિવારોમાં જાયે તો જાયે કહાં જેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે દબાણટીમનો આક્રમક મુડ જણાતા દબાણકારોમાં પણ ભયનો માહોલ છવાયો છે. દબાણ ઝુંબેશને પગલે શહેરમાંથી લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો મોટાભાગના દુર થઈ ગયા છે. ત્યારે આગામી સમયમાં પણ બાકી રહી ગયેલા દબાણ પર ગમે તે સમયે દબાણની ટીમ ત્રાટકે તેવી સંભાવના રહેલી છે.

# સિવિલમાં દર્દીઓના લેબ રીપોર્ટમાં તફાવત

## દર્દીઓને ના છુટકે ખાનગી લેબમાં રીપોર્ટ કરાવવા પડે છે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરની અતિ આધુનિક સિવિલ હોસ્પિટલમાં ટેકનોલોજીથી સુસજ્જ લેબોરેટરી આવેલી છે. લેબમાં પુરતો સ્ટાફ હોવા છતા દર્દીઓના રીપોર્ટમાં ભારે તફાવત જોવા મળે છે, તો બીજી તરફ કેટલાક દર્દીઓના રીપોર્ટ પણ ગાયબ થઈ ગયાના કિસ્સા સામે આવ્યા છે. ત્યારે લેબની કામગીરી પર સવાલ ઉભા થવા પામે છે. ત્યારે ના છુટકે દર્દીઓને ખાનગી લેબમાં રીપોર્ટ કરાવવાની ફરજ પડે છે.

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. સિવિલમાં તાવથી માંડીને ડાયાલિસીસ સુધીના સારવાર કરવામાં આવે છે. દર્દીઓ માટે આરોગ્યલક્ષી સુવિધામાં તંત્ર દ્વારા વધારો કરવામાં આવ્યો છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની નવી બિલ્ડીંગ દર્દીઓ માટે સુવિધાસભર તૈયાર કરાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ સિવિલમાં આધુનિક ટેકનોલોજીથી સજ્જ બલ્ડબેંક તેમજ લેબોરેટરી પણ બનાવાઈ છે. લેબમાં કામગીરીનું ભારણ રહેતું હોવાથી અંદાજીત ૬૦ જેટલો સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે. ત્યારે ઓપીડી અને ઈન્ડોર દર્દીઓની ચકાસણી બાદ ડોક્ટર દ્વારા લેબ રીપોર્ટ લખી આપવામાં આવે છે. જેથી દર્દીનું રોગનું મુળ પકડાય અને યોગ્ય સારવાર મળતા દર્દી ઝડપી સ્વસ્થ બની ઘરે પરત ફરે. પરંતુ કેટલીક વખત દર્દીના લેબના રીપોર્ટમાં તફાવત આવતા ડોકટર્સ પણ ચોંકી ઉઠે છે. લેબમાં કર્મચારીઓ દ્વારા માત્ર મશીનથી ચકાસણી કરવામાં આવે છે. લેબના રીપોર્ટના તફાવતને પગલે ના છુટકે દર્દીઓએ ખાનગી લેબમાં રૂપીયા ખર્ચીને રીપોર્ટ કરાવવા પડે છે. ત્યારે ગાંધીનગર સિવિલની લેબમાં દર્દીઓના યોગ્ય રીપોર્ટ ઝડપી નીકળે તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ખાનગી લેબમાં ડેન્ગ્યુના રીપોર્ટ ગણતરીના કલાકોમાં મળી જાય છે ત્યારે ગાંધીનગર સિવિલમાં ત્રણ દિવસનો સમય થાય છે તેમ અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ત્યારે સિવિલમાં દર્દીઓની સાથે લેબ પણ સ્વસ્થ બની રહે તે અત્યંત જરુરી બન્યું છે.

## @ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન ફાલ્ગુનભાઈ ત્રિવેદી, ૬ વિરાટનગર ખાતે યોજાશે.

● ગાંધીનગર શહેર અને જિલ્લા રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓ અને વિશિષ્ઠ સિધ્ધિ હાંસલ પ્રાપ્ત કરનાર મહાનુભાવોનો સન્માન સમારોહ બપોરે ૨.૩૦ કલાકે રાજપૂત સમાજ ભવન સે-૧૨ ખાતે યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા ગણેશ ચતુર્થી અને ચિત્રકલા વિશે બેઝીક માહિતી અને માર્ગદર્શન સાંજે ૬.૧૫ થી ૭ કલાક દરમિયાન સે-૭ના બગીચા ખાતે અપાશે.

● ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમુહ ગાન સ્પર્ધા સવારે ૯.૧૫ કલાકે સે-૨૩ નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખીમજી વિશરામ હોલ કડી કેમ્પસ ખાતે યોજાશે.

● લઘુરૂદ્ર મંડળ દ્વારા લઘુરૂદ્ર જયંતિભાઈ પી. ભટ્ટ, પ્લોટ નં. ૭૫૪ વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૧ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ભગવતીકુમાર શર્માને 'શબ્દાંજલિ' સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે યોજાશે.

● રોટરી કલબ ઓફ ગાંધીનગર અને ચિન્મય કલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે ઉનાવા ગામે વિદ્યાર્થી આશ્રમ પર સર્વ રોગ નિદાન કેમ્પ સવારે ૯ વાગ્યાથી યોજાશે.

# ત્ર્યંબકેશ્વર મંદિર ખાતે પાંચ દિવસ ફિઝીયોથેરાપીના નિઃશુલ્ક કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૮ વસાહત મંડળ અને ત્ર્યંબકેશ્વર સેવા ટ્રસ્ટ, સેક્ટર-૮ના સંયુક્ત ઉપક્રમે સી. એમ. પટેલ અને સી. એમ. પટેલ કૉલેજ ઑફ ફિઝીયોથેરાપી, તબીબી અધિકારીઓ દ્વારા તા. ૧૦ થી ૧૨ અને ૧૪ થી ૧૫ સપ્ટેમ્બર સુધીના પાંચ દિવસીય સવારે ૯ થી ૧ કલાક દરમિયાન નિઃશુલ્ક મોબાઈલવાન ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ૧૩મી સપ્ટેમ્બરના રોજ જાહેર રજાના દિવસે આ કેમ્પ બંધ રહેશે. પાંચ દિવસ માટે ચાલનારા આ નિઃશુલ્ક કેમ્પમાં નિષ્ણાંત - અનુભવી તજજ્ઞ ડૉક્ટર્સ ટીમ દ્વારા સારવાર આપવામાં આવશે. જેમાં વા, કમરનો દુઃખાવો, ખભા, ગરદન, ઘુંટણ, સાંધાના દુઃખાવા ઘુંટીનો દુઃખાવો, હાથ - પગ - મોઢાનો લકવો, બાળ લકવો, મંદબુદ્ધિના બાળકોની સારવાર, મણકાનો ઘસારો, સીયાટીકા (રાંઝણ), ઓર્થોપેડીક, કાર્ડિયોલોજી, ન્યૂરોલોજી, સર્જરી, બર્ન્સ, સ્પોર્ટ્સ ઈન્જરી વગેરે જેવા રોગોનું નિદાન કરવામાં આવનાર છે. જેનો સેક્ટરના વસાહતીઓએ લાભ લેવા સેક્ટર-૮ વસાહત મંડળે જણાવ્યું છે.

# શેરથા ટોલટેક્સ પાસેથી ગાંજા સાથે પકડાયેલા શખ્સોને ગાંજો આપનાર પકડાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર એસ.ઓ.જી એલસીબીની ટીમે થોડા દિવસો પહેલા શેરથા ટોલટેક્સ પાસેથી ઈકો ગાડીમાં ગાંજાનો જથ્થો લઈને જતા બે શખ્સોને પકડી પાડયા હતા. શ્રાવણની શરૂઆતમાં ગાંજા સાથે પકડાયેલા બંને શખ્સોની સઘન પૂછતાછમાં બહાર આવ્યો હતું કે તે બંને શખ્સો સુરતના ગાંજા ડીલર શંકરના સંપર્કમાં હતા. શંકરે પાટણના વારાઈ ગામ પાસે તેના એક માણસ નરેન્દ્રપુરી ઈશ્વરપુરી ગોસ્વામી મારફતે આ બન્ને શખ્સોને ડીલીવરી આપી હતી. નરેન્દ્ર ગોસ્વામીનો આ બંને શખ્સો પાસે કોઈ મોબાઈલ નંબર કે સંપર્ક ન હતો. શંકર આ બંને શખ્સો સાથે મોબાઈલ પર વાત કરીને નરેન્દ્ર ગોસ્વામી સાથે વાત કરાવવા માટે પોતાના



મોબાઈલમાંથી જ કોન્ફરન્સ કોલ કરતો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે આ શંકરના માણસને પકડવા ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી હતી. આખરે એસઓજીની ટીમે આ શખ્સને વાપી ખાતે થી પકડી પાડી તેના આકાઓ સુધી પહોંચવા ઈન્ટ્રોગેશન માટે રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરતા કોર્ટે આરોપીના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં આજરોજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ અંતર્ગત રેલીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ગામમાં રહેલા કચરાનો સફાયો કર્યો હતો અને સ્વચ્છ ભારત 'સ્વચ્છ ગુજરાત' ના અભિગમને સાર્થક કરવા પ્રેરીત કર્યા હતા. શાળાના બાળકો દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામને સ્વચ્છ કેવી રીતે રાખવું ગંદકી દૂર કરવી તે વિશે વિદ્યાર્થીઓ દ્વારા પ્રવચન આપવામાં આવ્યું હતું. તદઉપરાંત- પર્યાવરણ બચાવોના અભિગમને સાર્થક કરતાં રૂપાલ ગામમાં પણ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણને કેવી રીતે બચાવવું તે બાબત અંગે ગીત ગાઈને ગામના લોકોમાં જાગૃતતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો તથા પર્યાવરણ દૂષિત ન થાય તેમજ વૃક્ષો વાવીને ગામમાં વૃક્ષોનો ઉછેર કરવો, વધુ વૃક્ષો વાવો અને પ્લાસ્ટીકને દુર કરો જેવા સૂત્રોચ્ચાર કરી ગામમાં પર્યાવરણ જાગૃતતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

# મંગળવારે ફૂડ એન્ડ ડ્રગ્સ સંદર્ભે સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટિ દ્વારા આગામી તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ કુડાસણમાં સત્કાર રેસ્ટોરન્ટ ખાતે બપોરે ૨.૩૦ કલાકે રાજય સરકારના ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશનના સંયુકત ઉપક્રમે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે

ફૂડ એન્ડ ડ્રગ્સ સંદર્ભે ગ્રાહકોમાં સાવચેતી બાબતે જાગૃતિ વધે અને ગ્રાહક સુરક્ષા વિષય પર ચર્ચાના હેતુસર આયોજિત સેમિનારમાં અતિથિ વિશેષ પદે ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનર હેમંતભાઈ કોશિયા, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, મેડિકલ ઓફિસર કલ્પેશભાઈ ગોસ્વામી ઉપસ્થિત રહી ગ્રાહકો અને તેમના સંબંધી તમામ પાસાઓ પર વિચારો રજૂ કરશે તેવું સંસ્થાના પ્રમુખ સુધીર મોરેએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# પોતાનો વિસ્તાર સહી સલામત હોવાનું દેખાડવા ચિલોડા પોલીસનો નવો પેંતરો

## ચોરી, લૂંટ, ઘરફોડ જેવી પોલીસની લાપરવાહી દર્શાવતી ઘટનાઓ મીડિયાથી છુપાવવાનું શરૂ કર્યું : દશેલામાં શિક્ષકના બંધ મકાનમાં ઘરફોડ ચોરી

ગાંધીનગર, તા.૮

રણમાં વાવાઝોડું આવે ત્યારે શાહમૃગ પોતાનું માથું રણની રેતીમાં નાંખી દે છે. શાહમૃગ એવું સમજી બેસે છે કે વાવાઝોડું જતું રહ્યું... ચિલોડા પોલીસ પણ કંઈક આવું જ કરતી થઈ ગઈ છે. પોતાના હદ વિસ્તારમાં થતી ચોરી, ઘરફોડ કે લૂંટ સહિતના ગુનાઓ બેદરકારી ભર્યા પેટ્રોલિંગને કારણે રોકી ન શકતી ચિલોડા પોલીસે હવે પોતાની આબરૂ સાચવવા આવા ગુનાઓ મીડિયાથી છુપાવવાનું શરૂ કરી દીધું છે. આવો જ એક મીડિયાથી છુપાવેલો ઘરફોડ ચોરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જન્માષ્ટમીની પૂર્વરાત્રીએ ચિલોડા નજીક આવેલા દશેલા ગામમાં રહેતા એક શિક્ષકના બંધ મકાનમાં તસ્કરોએ પોણા બે લાખની મત્તાનો હાથફેરો કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ચિલોડા પોલીસે ના છૂટકે આ ગુનો તો દાખલ કર્યો પરંતુ પબ્લીક સુધી આ કિસ્સો ન જાય તે માટે મીડિયા સુધી આ માહિતી ન જાય તેની ખાસ તકેદારી રાખી હતી.

મળતી માહિતી મુજબ ચિલોડા નજીક આવેલા દશેલા ગામના વતની અને હાલ સે.૪ સી માં રહેતા રમણભાઈ ગોપાલભાઈ પટેલ અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલી એક સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. રમણભાઈ તેમના પરિવાર સાથે ગાંધીનગરમાં સેક્ટર-૪ ખાતે રહે છે અને શનિ-રવિની રજાઓમાં પોતાના વતન દશેલા ગામમાં જાય છે. અન્ય દિવસોમાં દશેલાનું તેમનું મકાન બંધ રહેતું હોય છે. ૨જી સપ્ટેમ્બરના દિવસે રમણભાઈનો પરિવાર પોતાની ગાડી લઈને સાળંગપુર હનુમાન દાદાના દર્શન કરવા ગયો હતો. તેઓ બાવળા પાસે પહોંચ્યા ત્યારે દશેલા રહેતા તેમના પડોશી ગીતાબેનનો તેમના પર ફોન આવ્યો હતો કે તમારા બંધ મકાનના દરવાજાનું તાળું તુટેલું છે. રમણભાઈએ દશેલા ખાતે રહેતા તેમના સંબંધી રામજીભાઈ ને તેમના ઘરે મોકલી દીધા હતા અને પોતે બાવળાથી ગાડી પરત ફેરવી દીધી હતી. ઘરે જઈને તપાસ કરી તો ખબર પડી કે તસ્કરો તેમના બંધ મકાનને ટાર્ગેટ કરીને અંદરથી ભગવાનની મૂર્તિઓ, સોના ચાંદીનાં દાગીના તથા રોકડ મળી કુલ રૂ.૧.૭૦ લાખની મત્તા સાફ કરી ગયા હતા. ચિલોડા પોલીસે શિક્ષકની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી પોતાની કહેવાતા સઘન પેટ્રોલિંગની પોલ ખુલી ન જાય તે માટે આ વિગત મીડિયા સુધી પહોંચવા પણ દીધી ન હતી.

# સી.એમ. હાઈસ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણીમાં ૮૦ વિદ્યાર્થીઓ જોડાયા



ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે યોજાયેલ શિક્ષક દિનની ઉજવણીમાં શાળાના ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ શૈક્ષણિક કાર્ય સંભાળ્યું હતું. શાળા સંચાલનની ઉમદા ફરજો નિભાવી વિદ્યાર્થીઓએ આત્મ વિશ્વાસનું પ્રદર્શન કર્યું હતું.

સંપૂર્ણ પૂર્વ તૈયારી સાથે શિક્ષણ વ્યવસાયને અનુરૂપ વસ્ત્ર પરિધાન કરીને વિદ્યાર્થીઓએ કરેલા કાર્યને શાળા પરિવારે બિરદાવ્યું હતું અને ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. શિક્ષક દિનની ઉજવણીમાં શાળા સંચાલન જીનલ ઘનશ્યામભાઈ પટેલે સંભાળ્યું હતું જયારે શિક્ષક તરીકેની ભૂમિકા ભજવનાર વિદ્યાર્થીઓમાંથી ખુશી ભગોરા અને માહિન ગાંધર્વને વિજેતા જાહેર કરાયા હતા. શાળાના આચાર્ય ડૉ. ચેતનાબેન બુચ, સુપરવાઈઝર બી.એ. પટેલ, મુકેશ પટેલ અને મહેશ ખોરસમાએ સમગ્ર ઉજવણીમાં સામેલ શિક્ષણકર્મીઓને શુભેચ્છા પાઠવી હતી અને તમામ એક દિવસીય શિક્ષક મિત્રોને એવોર્ડ તથા પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા.



**એસ.કે.પટેલ સ્કૂલમાં ઓરેગામી એક્ટિવિટી ઉજવાઇ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ . કે .પટેલ સ્કૂલ માં ઓરેગામી એક્ટિવિટી ઉજવાઈ હતી. શિક્ષિકાઓએ ઑરેગામી પેપેર્સથી અવનવી વસ્તુઓ જેવી કે શર્ટ, સેન્ડલ, ફ્રૉક, બેગ વગેરે બનાવ્યા હતા. બાળકોએ આ એક્ટિવિટી ખુબ જ ઉત્સાહ પૂર્વક ઉજવી હતી .

# ઝુંડાલ કેનાલમાં ઝંપલાવી અમીયાપુરા ગામના યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા. ૮

અડાલજ નજીક આવેલા અમીયાપુરા ગામમાં રામદેવ મંદિરના વાસ પાસે રહેતો ૩૨ વર્ષીય યુવાન ઉમેશજી બાદરજી ઠાકોરે કોઈ અગમ્ય કારણોસર ઝુંડાલ નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. અમીયાપુરા ગામના ખાડિયા વિસ્તારમાં રહેતા સંજયજી પ્રહલાદજી ઠાકોરે આ ઘટનાની જાણ અડાલજ પોલીસને કરતા અડાલજ પોલીસ મથકના એ.એસ.આઈ જીતેન્દ્ર કુમારે ઘટનાસ્થળે જઈ મૃતદેહ કેનાલમાંથી બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તો બીજી તરફ આ યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે કારણ બહાર લાવવા પોલીસે પરિવારજનોના તથા પડોશીઓના અને મિત્ર વર્તુળના નિવેદન લેવાની કાર્યવાહી શરૂ કરી છે. જોકે હજુ સુધી યુવાનના આપઘાતનું કારણ બહાર આવી શક્યુ નથી.

## ચિરવિદાય

- સ્વ. પદમાબેન કાલુસિંહ ગુરખા, ઉ.વ. ૬૬
- સ્વ. ગોવિંદભાઈ છગનભાઈ સોલંકી, ઉ.વ. ૭૬
- સ્વ. ગાંડાજી મંગાજી મકવાણા, ઉ.વ. ૬૪
- સ્વ. અરૂજી બબુજી બિહોલા, ઉ.વ. ૬૨

# ચિલોડા ખાતે જિલ્લા વિભાગની અન્ડર-૧૭ કબડ્ડી રમતોત્સવ સ્પર્ધા યોજાઈ



ચિલોડા, તા.૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા શિહોલી ગ્રુપ મા. અને ઉ.મા. શાળાના પટાંગણમાં જિલ્લાની અન્ડર-૧૭ ભાઈઓ અને બહેનોની કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લાના ૯ વિભાગમાંથી કલોલ પૂર્વ-પશ્ચિમ, રાંધેજા, ચાંદખેડા, માણસા ઉત્તર-દક્ષિણ, દહેગામ ઉત્તર-દક્ષિણ, ચિલોડા-ડભોડા વિભાગની ૧૮ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અન્ડર-૧૭ ભાઈઓની ટીમમાં ચિલોડા સ્કૂલ વિજેતા બની હતી જયારે ગર્લ્સ અન્ડર-૧૭માં ફાઈનલમાં ચિલોડા ટીમની સામે માણસા દક્ષિણ વિજેતા બની હતી. આ સ્પર્ધામાં જિલ્લા વ્યાયામ મંડળના પ્રમુખ આર.કે. ચૌધરી, વિષ્ણુભાઈ પટેલ, શાળાના નિયામક પી.પી. પટેલ, આચાર્ય સી.એચ. પટેલ, સ્પર્ધાના નિર્ણાયકો વ્યાયામ શિક્ષકોએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

# પેથાપુર વિસ્તારમાં વાહનચોરોએ તરખાટ મચાવ્યો

## તસ્કરો એક જ રાતમાં અલગ-અલગ સ્થળેથી ચાર વાહનો ઊઠાવી ગયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરને અડીને આવેલા પેથાપુર વિસ્તારમાં વાહનોની તસ્કરી કરતી ટોળકી બેફામ બની છે. પેથાપુરના અલગ અલગ વિસ્તારમાંથી એક જ રાત્રી દરમિયાન ચાર વાહનોની ચોરી થઇ ગઇ હોવાની વિગતો બહાર આવી છે. બેફામ બનેલા વાહન ચોરો એ પેથાપુર પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો છે ત્યારે પેથાપુર પોલીસના રાત્રિ પેટ્રોલિંગ ઉપર પણ પ્રશ્નાર્થ થવા પામ્યો છે. પેથાપુરમાં સક્રિય થયેલા વાહનચોરોને પગલે રહીશોમાં પણ ફફડાટ ફેલાઇ ગયો છે. પેથાપુર પોલીસે વાહન માલિકોને ફરિયાદ લઈને વાહનચોરીના ગુના દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત અનુસાર પેથાપુરમાં ઓમકાર રેસીડેન્સીની સામેના મકાનમાં રહેતા ક્લાર્ક ઉપેન્દ્રસિંહ પ્રવીણસિંહ ચાવડાએ પોતાનું રોયલ એનફિલ્ડ બાઈક ઘર આંગણે પાર્ક કર્યું હતું ત્યારે પાંચમી તારીખે રાત્રી દરમિયાન ત્રાટકેલા વાહનચોરોએ સવા લાખની કિંમતનું તેમનું બાઈક ચોરી કરી લીધુ હતું. તો બીજી તરફ એ જ રાત્રે નજીકની સોસાયટી ઓમકાર રેસિડન્સીમાં રહેતા મુકેશભાઈ ચંદુભાઈ શાહનું સ્પ્લેન્ડર બાઈક પણ રાત્રી દરમિયાન ચોરાઈ ગયું હતું. પેથાપુરની હરિનગર સોસાયટીમાં રહેતા જયદીપભાઈ કનુભાઈ પટેલની ફરિયાદ મુજબ એ જ રાત્રે તેમનું ઘર આંગણે પાર્ક કરેલું તેમનુ બજાજ વી-૧૫ બાઈક ચોરી થઇ ગયું હતું. જયદીપભાઈએ રાત્રે ૧૦ વાગ્યે બજારમાંથી ઘરે આવીને ઘર આંગણે બાઇક પાર્ક કર્યું હતું અને સવારે ઊઠીને જોયું તો બાઈક ગાયબ હતું. આ મામલે તેમણે ફરિયાદ આપતા પેથાપુર પોલીસે બાઈક ચોરીનો ગુનો દાખલ કર્યો છે. તો બીજી તરફ પેથાપુરની જ પટેલ સોસાયટીમાં રહેતા મૌલિકભાઈ મહેન્દ્રભાઈ પટેલની ફરિયાદ મુજબ તે રાત્રે તેમનું પણ ઘર આંગણથી સ્પ્લેન્ડર બાઈક ચોરી થઇ ગયું હતું. સાંજે તેમણે ઘર આગળ પોતાનું બાઈક મુક્યુ હતુ અને બીજે દિવસે સવારે પોણા સાત વાગ્યે પાર્કિંગ પર નજર ગઈ તો જોયું કે તેમનું બાઇક ચોરી થઇ ગયું હતું. પેથાપુર પોલીસે ચારેય બાઇકચાલકો ની ફરિયાદ લઈને ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.